SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-3, July to September: 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# હરીશ નાગ્રેચાની વાર્તામાં નારીજીવનની સમસ્યા

*કિન્નરીબેન પરભુભાઈ પ્રજાપતિ*

***Abstract***

***ઘણાબધા વર્ષોથી આપણે નારી જીવનની સમસ્યાઓ, સંવેદનાઓ, કે નારી ચેતના જેવા વિષયને જોતા આવ્યા છીએ. સમાજમાં નારી ઉપર જે શોષણ કે અત્યાચારો થાય છે તેની સામે ઝઝૂમતી નારી કેવી રીતે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા મથે છે તે આપણને સાહિત્યમાં ટૂંકીવાર્તાના માધ્યમથી જોવા મળે છે. ગુજરાતી ટૂંકીવાર્તા ક્ષેત્રે ઘણા બધા સર્જકોએ તેમની વાર્તામાં નારી જીવનને સ્થાન આપી નારીકેન્દ્રી વાર્તાઓ લખી છે. હિમાંશી શેલત, બિંદુ ભટ્ટ, પન્ના ત્રિવેદી, વર્ષા અડાલજા જેવી નારી લેખિકાઓ ઉપરાંત પુરુષ લેખકો જેમાં મણિલાલ હ. પટેલ, મોહન પરમાર, અનિલ વ્યાસ, રામ મોરીની વાર્તાઓમાં નારીજીવન સુંદર રીતે આલેખ્યું છે. હરીશ નાગ્રેચા પણ એમાંના એક છે. પોતાના પિતા કે પતિ દ્વારા જે પ્રેમ કે સ્નેહ મળવો જોઈએ તેના કરતાં તદ્દન વિપરીત સ્થિતિમાં જીવતી નારીની વાત તેમની વાર્તામાં જોવા મળે છે.***

***Keyword.* *વાર્તાવિશેષ હરીશ નાગ્રેચા, વાર્તાઓ.***

80 પછીના સમર્થ વાર્તાકાર તરીકે હરીશ નાગ્રેચાએ નાટકોથી લખવાની શરૂઆત કરીને ટૂંકીવાર્તાઓમાં ખ્યાતિ મેળવી છે. તેમણે નારીવાદી વાર્તાઓ પણ આપી છે. આધુનિક નારી પ્રાચીન સમયની નારી જેવી જ પરિસ્થિતિમાં આજે પણ જીવે છે. ઉત્તર વૈદિક અને મધ્યકાળની નારીને ઘણું શોષવું પડ્યું હતું. તેના પડઘા હજુ પણ સમાજમાં જીલાય છે. આજની નારી જીવનમાં આગળ વધી સમસ્યાઓનો પ્રતિકાર કરતી થઇ છે. છતાં પણ પુરુષના આક્રોશ આગળ મીણબત્તીની જેમ ઓગળી જતી નારી આજે પણ જોવા મળે છે. સમાજમાં વ્યક્તિગત જીવન મૂલ્યો બદલાયા પણ સ્ત્રીની સમસ્યા કે શોષણમાં હજુ પણ બદલાવ આવ્યો નથી. સર્જકો દ્વારા સમાજમાં સ્ત્રી સાથે તથા શોષણને સાહિત્યમાં કંડારવાનું કામ થયું છે તેમાં હરીશ નાગ્રેચાની વાર્તામા નારી તેના જીવનમાં કેવી કેવી સમસ્યા સામે લડીને જીવે છે તે દર્શાવ્યું છે. તેમની ‘કુબો’, ‘કુલડી’ ‘કેટવોક’ વાર્તા ખ્યાતિ પામી છે. જેમાં સ્ત્રીને વપરાઇ ગયેલી કે પોતાના જ ઘરમાં કોઇને આમન્ત્રણ આપવાની સ્વાતંત્રતા ન ધરાવતી નારીની વાત છે. તો પોતાની ઇચ્છાને ભાવી પતિ સમક્ષ મૂકી ત્યારે લગ્ન કરવા અથવા પોતાના શોખને પૂરા કરવાનું અલ્ટીમેટમ મેળવે છે. સ્ત્રીને હજુ પણ પુરુષના અહમ આગળ ઝૂકવું પડે છે તે વાત તેમની ‘એ’ નામની વાર્તામાં જોવા મળે છે. એ એટલે પતિ. ભારતીય નારી પતિને નામથી બોલાવવા કરતા ‘એ’ થી કે પછી સંતાનના નામથી સંબોધે છે. વાર્તા નયિકાનો પતિ ઉમેશ પત્ની મિતા સાથે વગર વાંકે અબોલા લઈ હદ કરતાં વધારે


*કિન્નરીબેન પરભુભાઈ પ્રજાપતિ, મોબાઈલ નંબર 6358740047, ઇમેઇલ – kinnari.prajapati7@gmail.com*

દબાવવાનો પ્રયત્ન કરે છે. મીતા સુશીલ, ભણેલી અને કમાતી નારી છે. છતાં પતિનું રિસાઈ જવું, દાંતિયા કાઢવા કે પછી રોષમાં બુટ કાઢી મીતા સામે ફેંકવો જેવી હેરાનગતિ તે સહન કરતી રહે છે. વાર્તા નાયિકા મીતાને ખબર શુદ્ધા નથી કે પતિને કઈ વાતનું ખોટું લાગ્યું છે. અને રિસાઈને બેઠા છે.  કદાચ પત્નીણા પિતાએ તેને સોનાનો હાર લેવાની વાત કરી તે વાતનું કે પછી માસીના ઘરે પ્રસંગ હોવાથી ઘરે આવી કંકોત્રી ના આપી તે વાત, કે પછી ઓફિસમાં કઈ બન્યું હશે તે વાત. મીતાથી રીસાવું, અબોલા લેવા, ટિફિન તૈયાર હોવા છતાં ન લઈ જવું, ફોન ન ઉપાડવો, રાત્રે જમીને મોડા બે વાગે ઘરે આવવા જેવી હેરાનગતિની સમસ્યા મિતાને ઉઠાવવી પડે છે. છતાં મીતા રાત્રે બે વાગે આવેલ પતિને મનાવાનો પ્રયત્ન કરી જમવા માટે બોલાવે છે. પણ ઉમેશ ગુસ્સામાં તેની સામે બુટ ફેકે છે. સવારે ઉઠતા કપાળમાં ફેંકેલ બૂટ વાગવાથી પડી ગયેલું લીલું ચકામુ દુખતું હતું. છતાં ઓફિસ જવા નીકળતી વખતે રસ્તામાં મળેલી જાનકી તેને શું થયું એવું પૂછે છે ત્યારે પતિના અપરાધને છુપાવતી મીતા અંધારામાં પાણીયારા સાથે અથડાવાથી વાગ્યું હોવાની વાત જણાવે છે. વાર્તામાં પતિનો ગુસ્સો સહન કરતી તે પતિની પાછળ પાછળ તેને સમજાવતી ફરે છે. પતિ તેને દબાતી જોઈ વધારે દબાવવાનો પ્રયત્ન કરતો રહે છે. અહીં મીતા પતિના આક્રોશનો પ્રતિકાર કરતી નથી અને પતિના અપરાધને સહન કરે છે. બીજી વાર્તા ' ખીંટી' એટલે કપડાં ભરવા માટે મારેલો મોટો ખીલ્લો. આ વાર્તામાં ભણેલી કમાતી દીકરીની પિતા અને થનાર પતિ તરફથી મળતો ફિટકાર દર્શાવ્યો છે. નોકરી કરતી દીકરીની કમાણી ખાવા માટે તેને ન પરણાવતા મા-બાપ તેની વધતી જતી ઉંમરની ચિંતા કરતા નથી. પિતાના સ્વભાવે બે ભાઈઓ ઘરથી દૂર રહે છે. અને એક ભાઈ જે માનસિક રીતે રિટાયર્ડ છે. પિતાનો આક્રોશ ભર્યો સ્વભાવ, કચકચ અને ગુસ્સો આ બધું નાયિકા હેતલની માં સહન કરતી કરતી મૃત્યુ પામે છે. પરંતુ હેતલ પિતાની વાતનો પ્રતિકાર કરતી ત્યારે બાપ જયંતિને તે ગમતી નથી. અણગમતી દીકરીની કમાઈ ખાતો જયંતિ પહેલા તો તેના લગ્ન કરાવી મોકલી દેવાની વાતો કરે છે પરંતુ પત્નીના મૃત્યુ પછી પિતા, ભાઈ અને ઘરનું ધ્યાન રાખતી તેને પરણાવવાની ચિંતા કરતો નથી. ઉપરાંત ઘર ખર્ચમાં મદદ પણ કરતો નથી. પંકજ નામના યુવાનને પ્રેમ કરતી હેતલ તેની સાથે લગ્ન કરવા માંગે છે ત્યારે બાપ તેને જવાબદારીમાંથી ભાગી જવાના મેણાં મારે છે. હેતલ પંકજ સાથે લગ્ન કરવાનું નક્કી કરે છે ત્યારે પંકજ પણ પોતાની બીમાર માને સાચવવાની વાત હેતલ સમક્ષ મૂકી નોકરી છોડી ઘર સંભાળવાનું અને આરામ કરવાનું જણાવે છે. પરંતુ હેતલ નોકરી છોડવા માગતી નથી ત્યારે પંકજ તેને અલ્ટીમેટમ આપે છે કે, જો લગ્ન કરવા હોય તો રાજીનામું આપી દે અને જો મંજૂર ના હોય તો તારી મરજી. મને બે દિવસમાં જવાબ આપજે નહીં તો હું..... અહીં 'નહીં તો હું' વાક્ય પાછળ  છોડી દેવાનો ભાવ જણાય છે. બાપ જયંતિની જેમ જ પંકજ પણ હેતલને જવાબદારીની ખીટીએ ટીંગાળવા માંગે છે. અહીં હેતલ વિચારે છે કે જયંતિ હોય કે પંકજ પુરુષ તેને ખીંટી એ જ ટિંગાડશે . અહીં એકલી રહેતી સ્ત્રી માટે પતિ કે પિતાની હાજરી સંતોષપૂર્વક લાગે પણ જ્યારે જવાબદારીના બોજા હેઠળ એને જીવવાનું આવે ત્યારે તે એકલી પડી જાય છે.  'ઍન અફેઅર' વાર્તામાં લેખકે નારીને વિચાર્યા વગર પ્રેમમાં પડવાથી આવી જતી સમસ્યા દર્શાવી છે. યુવતી પરણીત યુવકના પ્રેમમાં પડે છે ત્યારે તે સમજતી નથી કે પતિ પત્નીથી છુપી રીતે અન્ય યુવતીને પ્રેમ કરે તે યુવક ખરેખર પ્રેમને લાયક હશે? પ્રેમાળ, સ્નેહાળ અને કહ્યાગરી પત્ની હોવા છતાં યુવક બાહ્ય સંબંધમા રહે છે ત્યારે ખરેખર એવા યુવકને ચાહનારી યુવતી જ ગુનેગાર ગણાય. પત્નીમાં શું ન મળ્યું તો તે બીજી યુવતી તરફ પ્રેરાયો? પ્રસ્તુત વાર્તામાં આ જ વાત એક પત્ની પોતાના પતિની પ્રેમિકાને જણાવે છે. વીરાને પતિ હર્ષના લગ્નેતર સંબંધને જાણ્યા પછી પતિની હરકતો તેની પ્રેમિકા આસ્માને જણાવવા કોઈ કેફેમાં બોલાવે છે. આસ્મા મોર્ડન યુવતી છે. વીરાની વાતોમાં ન ફસાય કે વીરાની આંખો તેની આંખો ન વાંચે તે માટે તે ગોગલ્સ પહેરી રાખે છે. વીરા હર્ષના સ્વભાવ વિશે જણાવે છે ત્યારે આસ્માને એમ લાગે છે કે વીરા તે બંને વચ્ચેના સંબંધને તોડવા પ્રયત્ન કરે છે. પરંતુ હર્ષની ટેવો, અપેક્ષાઓ, જતુ ન કરવાની ભાવના,

બધું જ હાજર આપવાનું, જમવામાં ભાવતું ન મળે તો ખીજાવાનું, સંબંધો સાચવવાના આ બધું વીરા સહન કરે છે. પતિની અવગણના અને તુચ્છકારથી પીડાતી વીરા ગર્ભવતી છે. પ્રેમી માટે આવી વાત સાંભળી  આસ્માના પગ નીચે જમીન સરકી ગઇ. યુવતી જ્યારે કોઇને પ્રેમ કરે ત્યારે યુવકમા ફક્ત પ્રેમને જુએ છે. પરંતુ તેની અંદર રહેલા પુરુષને તે જોતી નથી . લગ્ન પછી પ્રેમ ઓગળી જતો હોય છે અને તેમાંથી જન્મે છે મહાભારત. આસ્મા ફક્ત હર્ષના પ્રેમને જુએ છે, ઓળખે છે. પરંતુ વ્યક્તિ તરીકે હર્ષ કેવો છે તેની તેને જાણ નથી. જ્યારે વ્યક્તિને ઓળખીએ અને પ્રેમ થાય તો જીવન જીવવું આનંદદાયક લાગે. તમે યુવકને અને તેના સ્વભાવને ઓળખો છો અને પછી તેની સાથે જીવન ગાળવાનો નિર્ણય લો છો. પરંતુ અહીં વાર્તામાં આસ્મા દ્વિધામા પડે છે. તે હર્ષના સ્વભાવને જાણતી નથી પ્રેમી તરીકેના હર્ષના વિચારોથી તે ખુશ રહે છે. પરંતુ, હર્ષના સ્વભાવ વિશે જાણ્યા પછી આસ્મા શું કરશે? હર્ષ આસ્મા એક થશે તો કદાચ વીરાને મુક્તિ મળશે પણ આસ્મા શું કરશે? એવો વિચાર લેખક ભાવક સમક્ષ ખુલ્લો મૂકે છે.

હરીશ નાગ્રેચાએ તેમની વાર્તાના નારીપાત્રોને કોઈને કોઈ સમસ્યામા  દર્શાવ્યા છે. સ્ત્રી સ્વાતંત્ર તો થઇ પણ પતિના અહંકાર સામે પ્રતિકાર કરી શકતી નથી. આજે પણ મા વિનાના ઘરમાં કમાતી દીકરીને જવાબદારીનો બોજો લગ્ન કરવા દેતો નથી કે પછી પરિણીત પુરુષના પ્રેમમાં પડેલી યુવતી પ્રેમીની અંદર રહેલા પુરુષને ઓળખી શકતી નથી. નાગ્રેચાની વાર્તાઓ જોતા લાગશે કે આ સમસ્યામાં હજુ પણ ભારતીય નારી શોષાય છે. દીકરી માટે  પિતા તેની દુનિયા હોય છે પરંતુ તે જ પિતા તેના જીવનના રંગો પુરાવા દેતાં નથી. વગર વાંકે પતિ--પત્ની સાથે અબોલા લઇ તેને અપરાધના ભાર હેઠળ સતત દબાવતો રહે છે, અને તેને જ અજાણી વ્યક્તિ જેવી બનાવી મૂકે છે. તો બીજી બાજુ આજના યુવાનો અને યુવતીઓ પ્રેમ લગ્ન કરવા પાછળ આંધળી દોટ મૂકે છે જેમાં સામેવાળું પાત્ર પોતાને લાયક છે કે નહી તેની પણ ખાતરી કરતા નથી અને આખી જિંદગી પસ્તાય છે. આમ લેખક નારીકેન્દ્રી વાર્તા લખવામાં સમર્થ રહ્યા છે. જેમાં સ્ત્રીના પ્રશ્નો, સમસ્યાઓ,અંતરવેદના, મનમા ચાલતાં સૂક્ષ્મ સંચલનો જેઓ સારી રીતે આલેખી શક્યા છે..

**સંદર્ભ :**

1) વાર્તાવિશેષ હરેશ નાગ્રેચા, સંપાદન શરીફા વીજળીવાળા